**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**
**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

| | |
|---|---|
| ગુણ | - ૯૫ |
| સારા અક્ષરના ગુણ | - ૫ |
| કુલ ગુણ | - ૧૦૦ |

## ઉકેલપત્ર : બાળ સત્સંગ - પહેલી

**(સમય : સવારે ૯ થી ૧૧)** **(રવિવાર, ૭ માર્ચ, ૨૦૧૦)**

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાનાં નંબર દર્શાવે છે.**

**બાળ સત્સંગ - ૧ : બારમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૦૬**

**પ્ર.૧. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૧૦)**

૧. સ્વામિનારાયણ (૧૫અ/૪૦) ૨. ગુલાબ (૨૬અ/૬૪) ૩. પીપલાણા (૧૩અ/૩૪) ૪. મુક્તાનંદ (૧૨અ/૩૨)
૫. શ્રીજીમહારાજ (૧૦બ/૮૯) ૬. જપ (૨૮અ/૬૯) ૭. રામપ્રતાપ (૪અ/૭) ૮. છપૈયા (૧અ/૧)
૯. ગઢડા (૩૦અ/૭૪) ૧૦. જરખ (૭અ/૧૭)

**પ્ર.૨. નીચે આપેલા ખરા વાક્યની સામે '✔' (ખરા)ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે '✘' (ખોટા) ની નિશાની કરો. (કુલ ગુણ : ૧૦)**

૧. ખોટું - ✗ (૩અ/૬) ૨. ખોટું - ✗ (૬અ/૧૩) ૩. ખરું - ✔ (૧૦અ/૨૬) ૪. ખરું - ✔ (૨૦અ/૫૨)
૫. ખોટું - ✗ (૯અ/૨૧) ૬. ખોટું - ✗ (૧૨અ/૩૩) ૭. ખરું - ✔ (૪બ/૮૧) ૮. ખોટું - ✗ (૧૫અ/૪૧)
૯. ખોટું - ✗ (૨૬અ/૬૫) ૧૦. ખરું - ✔ (૨બ/૭૮)

**પ્ર.૩. નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. સરયૂદાસને વગડામાં રહેવું ગમે તેવું બીજે ક્યાંય ન ગમતું. (૧૨અ/૩૩)
૨. અયોધ્યામાં રામજી મંદિર અને હનુમાનગઢીનું હનુમાન મંદિર ઘનશ્યામનાં માનીતાં મંદિરો હતાં. (૪અ/૭)
૩. પિબકને ભક્તિની, પ્રેમની, ત્યાગ અને વૈરાગ્યની શક્તિ સાચી લાગી. (૯અ/૨૩)
૪. કોણ છે આ છોકરો ? શું એ પૃથ્વીલોકનો વાસી છે કે સ્વર્ગમાંથી ઊતરી આવેલો દેવ છે ! (૫અ/૧૨)
૫. આ શિક્ષાપત્રી પ્રમાણે જે વર્તશે તે આ લોક ને પરલોકમાં સુખી થશે. (૨૯અ/૭૨)
૬. જોબન પગીને ત્રણ રાતના ઉજાગરા હોવાથી આંખો લાલ હતી. (૨૬અ/૬૪)
૭. મહારાજે ગૃહસ્થો, બ્રહ્મચારીઓ, સાધુઓ, આચાર્યો, સ્ત્રીઓ, પુરુષોને માટે શિક્ષાપત્રી લખી છે. (૨૯અ/૭૧)
૮. મગનીરામે મહારાજ પાસે દશ હજાર રૂપિયા માગ્યા. (૧૬અ/૪૪)
૯. મંદિરની આગળ નિસરણી પાસે હનુમાનજી અને ગણપતિજીની દેરી હોય છે. (૧૧બ/૯૨)
૧૦. 'હવે પછી ક્યારેય મારાથી આવું બોલાઈ જાય તો હે મારી વાણી, તું નિષ્ફળ જજો !' (૮અ/૨૦)

**પ્ર.૪. નીચે આપેલાં અવતરણો કોણ, કોને કહે છે તે જણાવો. (કુલ ગુણ : ૧૦)** **☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ**

૧. નીલકંઠવર્ણી - મહંતને (૧૧અ/૨૭) ૨. મહારાજ - સંતો-હરિભક્તોને (૩૦અ/૭૩)
૩. સહજાનંદ સ્વામી - રામાનંદ સ્વામીને (૧૪અ/૩૭) ૪. મુક્તાનંદ સ્વામી - મહારાજને (૨૯અ/૭૧)
૫. મહારાજ - કાઠી દરબારોને (૨૩અ/૫૯)

**પ્ર.૫. નીચે આપેલા પ્રશ્નોના જવાબ ત્રણ લીટીમાં આપો. (કુલ ગુણ : ૧૦)** **☞ નોંધ :- અડધો જવાબ સાચો હોય તો ૧ ગુણ આપવો.**

૧. પોતાની શક્તિનો પરચો દેખાડવા અડદનો એક મંત્રેલો દાણો જમીન પર નાખતા ધૂમાડા નીકળ્યા. ઝાડ પર મૂઠી ભરીને અડદના દાણા નાંખતાં લીલું ઝાડ ઠુંઠું થઈ ગયું. (૯/૨૧)
૨. નીલકંઠવર્ણીએ ભારતમાં હિમાલયથી નેપાળ, આસામ, જગન્નાથપુરી થઈ રામેશ્વર, કન્યાકુમારી થઈ સૌરાષ્ટ્રમાં વિચરણ કર્યું. (૧૨/૩૧)
૩. આ સાધારણ માણસ નથી, કાં ખુદા છે કાં ખુદાનો ઓલિયો છે ! એના વિના આમ છડી સવારીએ કાકડી ખાવાની કોઈની હિંમત ચાલે નહિ ! (૧૮અ/૫૦)

૪. ભગવાન પૃથ્વી ઉપરથી ક્યારેય જતા નથી. સાચા સંત દ્વારા તે પ્રગટ છે. આજે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રગટ છે. તેમની સાથે હેત કરવાથી ભગવાનનાં દર્શન ને અનુભવ બન્ને થાય છે. (૪બ/૮૧)

૫. 'માલિક હું નથી, માલિક નારાયણ છે, ને હું નારાયણને ભજું છું. એ નારાયણ તે જ આ સ્વામિનારાયણ! માટે ડાહ્યો હોય, તો સીધો સ્વામિનારાયણના પગમાં જઈને પડ ને એમનો સેવક થા ! તારી આ મોજશોખની જિંદગી છોડ, બીજાઓને બીવડાવવાનું છોડ ને તું શા માટે ઘર છોડી નીકળ્યો હતો, તે યાદ કર !' (૧૬અ/૪૫)

**વિભાગ : - ૨**

**પ્ર.૬. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની આગળના ચોરસ ખાનામાં <u>ફક્ત જવાબ નંબર</u> લખો. (કુલ ગુણ : ૧૦)**

| | | | | |
|---|---|---|---|---|
| **૧.** ૩ (૨બ/૭૭) | **૨.** ૩ (૪અ/૯) | **૩.** ૨ (૬અ/૧૫) | **૪.** ૨ (૨૨અ/૫૬) | **૫.** ૧ (૧૬અ/૪૬) |
| **૬.** ૧ (૩અ/૫) | **૭.** ૨ (૧૨અ/૩૧) | **૮.** ૧ (૨અ/૩) | **૯.** ૩ (૨૯અ/૭૧) | **૧૦.** ૩ (૧૪અ/૩૮) |

**પ્ર.૭. વિભાગ 'બ'માંથી યોગ્ય જવાબનો <u>ક્રમાંક</u> પસંદ કરી, વિભાગ 'અ' સામેના ચોરસમાં <u>ફક્ત જવાબનો ક્રમાંક</u> લખી જોડકાં બનાવો. (કુલ ગુણ : ૫)**

| 'અ' | | 'બ' |
|---|---|---|
| ૧. વહેમ (૧૯અ/૫૦) | ૫ | ૧. હિમાલયના સાધુ |
| ૨. ડભાણ (૨૪અ/૬૦) | ૪ | ૨. સદ્‌ભાવના હો |
| ૩. શરીર પર ચૂનો (૨૧અ/૫૫) | ૧ | ૩. ઉકળતું તેલ |
| ૪. પ્રાણિયોં મેં (૧બ/૭૬) | ૨ | ૪. ઘી |
| ૫. વિઠોબા (૨૨અ/૫૭) | ૩ | ૫. દોરો-ધાગો |

**પ્ર.૮. નીચે આપેલી સ્વામીની વાતો પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી હોય તો જ ગુણ આપવા, અડધી વાત સાચી હોય તો ગુણ ન આપવા.**

૧. આપણે તો અક્ષરધામમાં જાવું છે, એવો એક સંકલ્પ રાખવો. (૧૦બ/૯૦)

૨. ગાફલાઈ ટાળવાનું કારણ એ છે જે ખટકો રાખે તો ટળે ને બીજો ઉપાય તો કોઈક શિક્ષા કરે ત્યારે ટળે. (૧૦બ/૯૧)

૩. કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો ને કદાપિ કરોડ કામ સુધાર્યાં ને એક મોક્ષ બગાડ્યો તો તેમાં શું કર્યું ? (૧૦બ/૯૧)

૪. આવા સાધુને મનમાં સંભારીએ તો મનનાં પાપ બળી જાય ને વાતો સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય એમ મહિમા જાણવો. (૧૦બ/૯૧)

૫. આપણે ભગવાનના છીએ પણ માયાના નથી, એમ માનવું. (૧૦બ/૯૧)

**પ્ર.૯. નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો, એક (૧) ગુણ આપવો.**

૧. નિત્ય નિત્ય નૌતમ, લીલા કરતા અવિનાશી (૨)
અડસઠ તીરથ ચરણે (૨), કોટિ ગયા કાશી... જય ૦
પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે (૨)
કાળ કર્મથી છૂટી (૨), કુટુંબ સહિત તરશે... જય ૦ (૯બ/૮૯)

૨. ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ ।
જનો જાનન્નિદં સત્યં મુચ્યતે ભવબન્ધનાત્ ॥ (૭બ/૮૫)

૩. વહેલા ઊઠી ધ્યાન ધરશું, નાહી ધોઈને પૂજા કરશું,
'સ્વામિનારાયણ' મંત્ર ભણશું, પ્રગટ પ્રભુને પ્રણામ કરશું ....... અક્ષર૦ (૧૨બ/૯૩)

૪. છગડે છય, શ્રીજીની બોલો જય ....... મારા બંધુ૦
સાતડે સાત, છે બ્રહ્મ હમારી જાત ....... મારા બંધુ૦
આઠડે આઠ, મૂકી દે જગનો ઠાઠ ....... મારા બંધુ૦
નવડે નવ, તરી જા તું આ ભવ ......... મારા બંધુ૦ (૩બ/૭૯)

૫. નથી ડરતા નથી કરતાં અમારા જાનની પરવા,
અમારે ડર નથી કોઈનો, અમે જન્મ્યા છીએ મરવા.
અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું,
અમારા અક્ષરપુરુષોત્તમ ગુણાતીત ગાનને ગાઈશું. (શૌર્યગીત)

**પ્ર.૧૦.નીચે આપેલા પાઠમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**૧. મહારાજના સાધુઓ (૨૭અ/૬૫)** મહારાજના સાધુઓ પૈસાને અડે નહિ. મહારાજના સાધુઓ વિનયવિવેકથી વાતો કરે, લડે-ઝઘડે નહિ, ગાળા-ગાળી કરે નહિ. ગાંજો ભાંગ, છીંકણીનું સેવન ન કરે ! ભિક્ષામાં જે મળે તે ખાઈ લે. જીભનો સ્વાદ કરે નહિ. સાધુઓ ધ્યાન કરે, પૂજાપાઠ કરે, ભગવાનનું નામ લે, સત્સંગ કરે કરાવે. મહારાજના સાધુઓ બહુ ભલા. જાતે દુઃખ વેઠે, પણ કોઈને દુઃખી થવા ન દે ! આવા ભલા પણ બાવા વેરાગીઓ આ સાધુઓને મારે છતાં સાધુઓ હાથ ઉગામે નહિ. માર ખાઈ લે. સાધુઓને બાવાઓ ખાસડું મારે, લાકડી ભાંગી ગઈ ત્યાં સુધી માર્યુ છતાં દુશ્મન પર દયા કરે. ખાસડું મારે તેના પર પણ ગુસ્સે ન થાય. ભૂલે ચૂકે પણ ગુસ્સે ન થવાય તેની કાળજી રાખે. મહારાજના સાધુઓ કદી આજ્ઞા લોપે જ નહિ. મહારાજ તેમના સાધુઓને કહેતા કે સહન જ કરવું. ક્ષમા આપવી. ધીરજ રાખવી. હતાશ થવું નહિ.

**૨. છોકરાને સમાધિ (૧૭અ/૪૬)** મહારાજ પહેલ-વહેલ ગઢડા પધાર્યા હતા. ગામ બહાર એક ખીજડાના ઝાડ હેઠળ એમણે મુકામ કર્યો. પછી નદીએ નાહવા ગયા. ત્યાં કેટલાંક છોકરાંઓ રમતાં હતાં. રમતાં-રમતાં તેઓ મહારાજની પાસે આવ્યા. મહારાજે છોકરાઓની સામે નજર કરી ત્યાં તો બધાંયે છોકરાઓ એકદમ સમાધિમાં પડી ગયા અને લાંબા થઈને સૂઈ ગયાં. વાત ગામમાં પહોંચી ગઈ. એટલે લોકોનું ટોળું દોડતું નદી પર આવ્યું. કોઈ રોવા લાગ્યા. કોઈ કરગરવા લાગ્યા. તો કોઈ ધમકી આપવા લાગ્યા. મહારાજ કહે, છોકરાંઓને કાંઈ થયું નથી. હમણાં બેઠા થશે! મહારાજે છોકરાઓ ઉપર નજર કરી એટલે એકાએક બધાં છોકરાંઓ બેઠા થઈ ગયાં. બધાં ખુશ હતાં. કહે : અમે ભગવાનના ઘરે જઈ આવ્યા! ત્યાં બધું રૂડું-રૂપાળું હતું! પછી મહારાજની સામે જોઈ કહે : ભગવાનનું મોં તમારા જેવું જ હતું! તમે હતા ને ? મોટા મોટા મુનિઓ આખી જિંદગી તપસ્યા કરે છે, તોયે એમને સમાધિ થતી નથી અને મહારાજની કૃપાથી નાના છોકરાંઓને સમાધિ થઈ ગઈ. મહારાજની કૃપાથી માત્ર હિન્દુઓ નહીં, જૈન અને મુસલમાનને પણ સમાધિ થતી. જે મોટા મોટા મુનિઓને આખી જીંદગી તપસ્યા કરે તોય ન થાય. તે અહીં માત્ર મહારાજના મુખારવિંદ સામુ જોતા કે વળી ચાખડીના અવાજથી જ જ્યાં જે રીતે બેઠા હોય કે ક્રિયા કરતા હોઈ ત્યાં જ સમાધિ થતી. વળી, સમાધિમાં મુસલમાનને પેગંબરના દર્શન થાય, જૈનને વળી મહાવીર સ્વામીનાં દર્શન થાય, તો કોઈ હિન્દુ રામનો ભક્ત હોય તો રામનાં દર્શન થાય, કૃષ્ણ ભક્ત હોય તો કૃષ્ણનાં દર્શન થાય, શિવભક્ત હોય તો શિવનાં દર્શન થાય, અને હનુમાનદાદાનો ભક્ત હોય તો હનુમાનજીનાં દર્શન થાય! પણ બધાયને સમાધિમાં મહારાજના દર્શન થાય અને બધા દેવો એમને મહારાજની ભક્તિ કરવાનું કહે !

**૩. ગુરુ (૬બ/૮૩)** 'ગુ' એટલે અંધકાર, 'રુ' એટલે પ્રકાશ. આપણે શું કરવું ને શું ન કરવું તેની ખબર ન હોય એટલે અંધકાર. તે અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય, એટલે કે શું કરવું અને શું ન કરવું જોઈએ તેનું જ્ઞાન આપે તે સાચા ગુરુ. બકરી જંગલમાં ભૂલી પડી - ધૂળમાં તેણે પંજો - પંજો સિંહનો હતો. બકરીએ તો વાપરી ચતુરાઈ ! ત્યાં પંજા ઉપર જ પલાઠી લગાવી આરામથી બેસી ગઈ. રાત પડી. એક પછી એક કરતા તો વાઘ, ચિત્તા, બધા આવ્યા. પરંતુ જ્યાં સિંહનો પંજો જુએ ને ખાવા આવેલ પ્રાણી ભાગી જાય. છેલ્લે તો સિંહ આવ્યો. હવે ? સિંહે તો બકરી પોતાના શરણે આવેલી જોઈ મદદ કરી. બકરીને હાથી ઉપર બેસાડી એના ઘર સુધી પહોચાડી. આપણે પણ એવા સાચા ગુરુને શરણે જઈએ તો રક્ષા થાય - આપણે દુઃખી હોઈએ તો ગુરુકૃપાથી સુખી થઈએ. ખરાબ સોબતે ચડી ગયા હોઈએ તો સારા સંગે ચડીએ. કૃપાથી આપણામાં સારા ગુણો આવે, આપણે પવિત્ર બનીએ. આપણે આપણા ગુરુનું રોજ સ્મરણ કરવું જોઈએ, હરઘડી કરવું જોઈએ.

આપણા ગુરુ કોણ ? પ્રમુખ સ્વામી મહારાજ
એમના ગુરુ ? યોગીજી મહારાજ
એમના ગુરુ ? શાસ્ત્રીજી મહારાજ
એમના ગુરુ ? ભગતજી મહારાજ
એમના ગુરુ ? અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી
આપણા ઈષ્ટદેવ ? સહજાનંદ સ્વામી.

**☞ નોંધ :- સારા, સ્વચ્છ અને સુંદર અક્ષરનાં પાંચ ગુણ આપવાનું ભૂલાય નહીં.**

❑ ❑ ❑